તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૯ | ૧૯ જુલાઈ, ૨૦૧૬, મંગળવાર ; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



શ્રી ગુરૂ ચરણ સરોજ રજ નીજ મન મુકુર સુધારી
બરનઉ રઘુવર બિમલ યશ જો દાયક ફલ ચારી
બુદ્ધિહીન તનુ જાનીકે સુમીરઉ પવન કુમાર
બલ-બુદ્ધિ વિદ્યા દેહઉ હરહુ કલેશ વિકાર....

# બીસીસીઆઈમાં મંત્રીઓની એન્ટ્રી નહીં : સુપ્રીમ

## એક રાજ્ય એક વોટની ભલામણ પણ સ્વીકારી લેવામાં આવી : સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપીને લોધા કમિટિની ભલામણોને સ્વીકારી લીધી : ૭૦ વર્ષથી ઉપરના હોદ્દેદારો પણ બીસીસીઆઈમાં જોવા નહીં મળે

નવીદિલ્હી,તા. ૧૮

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ફેંસલો આપીને જસ્ટિસ લોધા કમિટિની મુખ્ય ભલામણોને આખરે સ્વીકારી લીધી છે. આની સાથે જ હવે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ અથવા તો બીસીસીઆઈમાં મંત્રીઓની એન્ટ્રી થઈ શકશે નહીં. કોઈપણ પ્રધાન અને અધિકારીઓ બીસીસીઆઈમાં સેવા આપી શકશે નહીં. આનો મતલબ એ થયો કે બીસીસીઆઈ મંત્રીમુક્ત રહેશે. સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈમાં માળખાકીય સુધારા અંગે લોધા પેનલની ભલામણોને સ્વીકારી લીધી છે. લોધા પેનલની એવી ભલામણ સાથે સુપ્રીમ કોર્ટે સહમતી દર્શાવી હતી બીસીસીઆઈ બોર્ડના સભ્ય તરીકે કોઈપણ પ્રધાન અથવા તો સેવા આપનાર અધિકારીઓ હોવા જોઈએ નહીં. ચીફ જસ્ટિસ ટીએસ ઠાકુર અને જસ્ટિસ કાલીખુલ્લાની બનેલી બેંચે વન સ્ટેટ વન વોટ માટેની ભલામણ સામે બીસીસીઆઈના વિરોધને પણ ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા રાજ્યો જે એક કરતા વધારે ક્રિકેટ એસોસિએશન ધરાવે છે તેવો રોટેશનલ આધાર પર મતદાનના અધિકારો ધરાવશે. સુપ્રીમ કોર્ટે લોધા કમિટિ તરફથી હોદ્દેદારોની વયના સંદર્ભમાં પણ ભલામણને સ્વીકારી લીધી હતી. લોધા કમિટિએ એવી ભલામણ કરી હતી કે, બીસીસીઆઈમાં ૭૦ વર્ષથી વધુ વયના હોદ્દેદારો હોવા જોઈએ નહીં. સુપ્રીમ કોર્ટે આ ભલામણને સ્વીકારતા આ ચુકાદો આપ્યો હતો. એક રાજ્ય એક વોટની ભલામણ પણ સ્વીકારી લેવામાં આવી છે. અલબત્ત મહારાષ્ટ્ર રોટેશનલ આધાર પર ત્રણ ક્રિકેટ એસોસિએશન રાખવાની મંજુરી પણ મળી ગઈ છે. સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈના સીએજીના એક સભ્ય રહેવાની ભલામણને સ્વીકાર કરી લીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવજોત સિદ્ધૂનું રાજ્યસભામાંથી રાજીનામું : 'આપ'માં જોડાશે

## સિદ્ધૂ એએપીમાં સામેલ થશે તો પંજાબમાં મુખ્યપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર થઇ શકે છે



નવીદિલ્હી,તા. ૧૮

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા, સેલિબ્રિટિ અને લોકપ્રિય હસ્તી નવજોતસિંહ સિદ્ધૂએ રાજ્યસભામાંથી આજે રાજીનામુ આપી દીધું હતું. આની સાથે જ એવી અટકળોને વેગ મળ્યો છે કે, નવજોત સિદ્ધૂ આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ શકે છે. ૨૨મી એપ્રિલના દિવસે નોમિનેટ થયેલા ૫૨ વર્ષીય નવજોત સિદ્ધૂના રાજીનામાને તાત્કાલિક અમલ સાથે ચેરમેન હમીદ અન્સારીએ સ્વીકારી લીધું છે. સિદ્ધૂ પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ શકે છે. એવી ચર્ચા પણ છે કે, નવજોત સિદ્ધૂને પંજાબમાં આમ આદમી પાર્ટીના ચહેરા તરીકે રજૂ કરવામાં આવી શકે છે. બીજી બાજુ સિદ્ધૂએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા નવજોત સિદ્ધૂએ મૌન જાળવી રાખતા અટકળોનો દોર ચાલી રહ્યો છે. નોમિનેટેડ મેમ્બર નવજોત સિદ્ધૂએ આજે એકાએક રાજ્યસભામાંથી રાજીનામુ આપી દીધું હતું. ચેરમેને તેમના રાજીનામાનો સ્વીકાર કર્યો હતો. રાજ્યસભા ચેરમેનના કોએસડી ગુરદીપ સપ્પાલે આ અંગેની માહિતી આપી હતી.

# નામ પાક છે પરંતુ કામ નાપાક છે : રાજનાથ

## રાજ્યસભામાં પાકિસ્તાન પર આકરા પ્રહારો : કાશ્મીરી અમારા લોકો છે તેમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે, અમે યોગ્ય રસ્તો બતાવી રહ્યા છીએ : રાજનાથસિંહ

લખનૌ,તા. ૧૮

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, નામ પાકિસ્તાન છે પરંતુ તેના કામ નાપાક છે. કાશ્મીરમાં વણસી ગયેલી સ્થિતિ માટે પાકિસ્તાન સંપૂર્ણપણે જવાબદાર હોવાનો રાજનાથસિંહે આક્ષેપ કર્યો હતો. રાજનાથસિંહે રાજ્યસભામાં કહ્યું હતું કે, પાકિસ્તાન બિનજવાબદારીપૂર્વકની ભૂમિકા અદા કરી રહ્યું છે. મુસ્લિમોના રક્ષક તરીકે પાકિસ્તાને દાવો કરવો જોઈએ નહીં. ઉપલા ગૃહમાં કાશ્મીર પરિસ્થિતિની ચર્ચામાં ભાગ લેતા રાજનાથસિંહે કહ્યું હતું કે, જે કંઈપણ થઈ રહ્યું છે તે સંપૂર્ણપણે પાકિસ્તાન પ્રાયોગિક છે. નામ પાકિસ્તાન છે પરંતુ કામ નાપાક દેખાઈ રહ્યા છે. કાશ્મીરી અમારા પોતાના લોકો છે પરંતુ ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. ખીણમાં અંધાધૂંધી ફેલાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કાશ્મીરીઓને અમે યોગ્ય માર્ગ ઉપર લઈ જઈ

● અનુસંધાન પાન-૭ પર



# ૧૬મી લોકસભામાં સોનિયા અને રાહુલે પ્રશ્નો કર્યા નથી

## બંનેએ પ્રશ્નો ન કર્યા હોવા છતાંય લોકસભામાં શ્રેણીબદ્ધ ચર્ચામાં બંનેએ ભાગ લીધો : ખગડેએ ૧૨૮ પ્રશ્નો કર્યા

નવીદિલ્હી,તા. ૧૮

કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ છેલ્લા બે વર્ષના ગાળામાં સંસદમાં આઠ સેશનમાં એક પણ પ્રશ્ન કર્યો નથી. ઈન્ડિયા સ્પેન્ડ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ બંને નેતાઓએ એક પણ પ્રશ્ન કર્યો નથી પરંતુ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ૧૬મી લોકસભામાં અનેક ચર્ચાઓમાં ભાગ લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

# અત્યાચારના વિરોધમાં ૭ દલિતોનો આપઘાતનો પ્રયાસ

## વિરોધ પ્રદર્શન પહેલા જ મજબૂત સુરક્ષા વ્યવસ્થા : ગોંડલમાં પાંચ અને જામકંડોરણામાં બે યુવાનોએ આપઘાતનો પ્રયાસ કરતા ભારે ખળભળાટ

ગોંડલ, તા.૧૮

ગીર સોમનાથમાં યુવાનો ઉપર ગુજારવામાં આવેલા અત્યાચારનો મામલો ગરમી પકડી રહ્યો છે ત્યારે અત્યાચારને લઈને હવે પ્રત્યાઘાતો પણ જોવા મળી રહ્યા છે. અત્યાચારના વિરોધમાં એક સાથે સાત લોકોએ ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો જેનાથી સરકાર પણ હચમચી ઉઠી છે. અત્યાચાર ગુજારનાર સામે અપેક્ષા મુજબ પગલાં ન લેવાતા તેના પ્રત્યાઘાત ગોંડલમાં પડ્યા હતા. આજે સવારે ગોંડલમાં પાંચ અને બપોર બાદ જામકંડોરણામાં ૨ દલિતોએ જાહેરમાં ઝેરી દવા પી લીધી હતી. ઘટનાને પગલે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. પોલીસ દ્વારા વિરોધ પહેલા જ ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. જોકે, પોલીસ કંઈ કરે તે પહેલા જ પાંચેય લોકોએ ઝેરી દવા પી લીધી હતી. ઘટના બાદ રાજકોટમાં એકઠા થયેલા દલિત આગેવાનોએ ઉનાની ઘટનામાં પગલા નહીં લેવાય તો દલિતો પરિવર્તન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે. ઉનામાં દલિત યુવાનો પર ગુજારેલા અત્યાચારના વિરોધમાં ગોંડલ નગરપાલિકાના કોંગ્રેસી સભ્ય અનિલ કે માધડની સાથે અન્ય દલિતો પૈકીના રાજેશ આર પરમાર, રમેશ બીજલભાઈ પારધી, જગદીશ

● અનુસંધાન પાન-૭ પર

# કસૂરવાર તમામ આઠ શખ્સોની આખરે ધરપકડ

## ફરજચુક કરનાર જવાબદાર ૪ પોલીસ સસ્પેન્ડ : તમામ અસરગ્રસ્તોને એક લાખનું વળતર : તપાસ ક્રાઈમ બ્રાંચને

અમદાવાદ, તા.૧૮

તાજેતરમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સમઢીયાળા ગામે દલિતો પર થયેલ હીચકારા હુમલાની દુઃખદ ઘટનાને ગંભીરતાથી લઈ રાજય સરકાર તરફથી કડક વલણ લેવામાં આવ્યું છે અને તમામ આઠે આઠ આરોપીની તાત્કાલિક ધરપકડ કરીને તેમની સામે કલમ ૩૦૭ (ખુન કરવાનો પ્રયાસ) કલમ ૩૯૫ ( ધાડ અને લૂંટ ) કલમ ૩૨૩ અને ૩૨૪ ઉપરાંત એટ્રોસીટી સહિતની ગંભીર કલમો લગાવવામાં આવી છે અને આ તમામ આરોપીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં પણ આ બનાવ વખતે પોતાની ફરજમાં નિષ્કાળજી દાખવનાર એક પીઆઈ, બે એએસઆઈ, અને એક હેડ કોન્સ્ટેબલ મળી કુલ ચાર પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ઉપરાંત સરકાર તરફથી અસરગ્રસ્તોને રૂપિયા એક એક લાખની સહાય પણ ચુકવવામાં આવી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક અસરથી નક્કર નિર્ણયો લીધા છે.

● અનુસંધાન પાન-૭ પર











